વ આતૂ હક્કહૂ યવ્-મ હસાદિહી.

ખેતીની ઉપજ મેળવવા ના દિવસોમાં "ઉશ્ર" અદા કરો.

# ઉશ્ર
# ખેતીની ઝકાત

રજૂઆત

પીર સૈયદ દાદામિયાં કાદરી સાહેબ
રૂપાલવાળા

પ્રકાશક


ફૈઝે અહમદી ન્યાઝ કમીટી
ખાનકાહે અહમદી, અહમદી પાર્ક,
વટવા, અહમદઆબાદ - ૩૮૨ ૪૪૦.

હમ્દ ૭૮૬/૯૨ ના'ત

ન આતૂ હક્કહૂ યવ્-મ હસાદિહી.

ખેતીની ઉપજ મેળવવા ના દિવસોમાં "ઉશ્ર" અદા કરો.

(સૂરએ અન્આમ, આયત-૧૪૧)

# ઉશ્ર

# ખેતીની ઝકાત

રજૂઆત

પીર સૈયદ દાદામિયાં કાદરી સાહેબ

રૂપાલવાળા

પ્રકાશક

ફૈઝે અહમદી ટ્રસ્ટ કમીટી

ખાનકાહે અહમદી, અહમદી પાર્ક,

વટવા, અહમદઆબાદ.

હમ્દ ૭૮૬/૯૨ ના'ત

૭૮૬/૯૨

# બે બોલ

**વ્હાલા વાચક મિત્રો,**

અસ્સલામો અલયકુમવ.વ. ઈસ્લામ ધર્મના મુખ્ય પાંચ રૂકન માંથી "ઝકાત" એક રૂકન છે, જેનો ઈન્કાર કરનાર કાફિર અને અદા નહીં કરનાર સખ્ત ગુનેહગાર છે.

"ઝકાત" માલ, સોના, ચાંદી, જાનવરો અને ખેતીની પેદાશ ઉપર લાગુ પડે છે. ખેતીની ઝકાતને શરીઅતની ભાષામાં "ઉશ્ર" કહેવામાં આવે છે.

આપણામાં ખેતી કરતા ભાઈઓ મુખ્યત્વે ગામડાઓમાં રહેતા હોય છે. તેથી કેટલાક ખેડૂતો ઈસ્લામી તાલીમથી સાવ કોરા હોવાના કારણે "ઉશ્ર" ના મસાઈલ સમઝી શકતા નથી અને ઝકાતનું નામ સાંભળતા જ એકદમ ગભરાઈ જતા હોય છે. આવું થવાનું કારણ એક જ છે કે આપણે આ બાબતનું દીની જ્ઞાન ધરાવતા નથી.

ઈસ્લામ ધર્મ ઘણો જ સરળ અને સહજ દીન છે. તેમાં ક્યાંય કોઈ બળજબરી નથી જેઓને ઈસ્લામના અહેકામનો અભ્યાસ નથી તેઓને ઈસ્લામના કાનૂનો ઘણા અઘરા લાગે છે એટલે જ આ કિતાબમાં એજ વાત સમજાવવાની કોશીશ કરી છે કે ખેતીની ઝકાત જે ફર્ઝ છે તેના કાયદાઓ અને નીયમોને સમજીએ અને દિલથી અમલ કરી પોતાની ફર્ઝ અદા કરીને બે-શુમાર સવાબના હક્કદાર

બનીએ તેમજ જેમના પર ફર્ઝ છે અને અદા નથી કરતા તે કેવા ગુનેહગાર છે, દુનિયા અને આખેરતમાં કેવું નુકસાન ભોગવવું પડશે તેની અલ્પ માહિતી અહિંયા રજૂ કરવામાં આવી છે. એકવાર આ નાનકડી કિતાબને ધ્યાનથી વાંચી જવા અમો આપને દર્દભરી અપીલ કરીએ છિએ. આશા છે કે અલ્લાહ તઆલા અમલની તૌફીક અતા કરી દે અને અમારા ધ્યેયમાં અમને કામયાબી હાંસિલ થાય બ-હક્કે તાહા વ યાસીન સલ્લલ્લાહો અલયહે વસલ્લમ.

## કંજૂસ અલ્લાહનો દુશ્મન

જેઓ કંજુસાઈ કરે છે તેમાં જે અલ્લાહે પોતાના ફઝલથી તેમને આપ્યું, (તેઓ કદાપિ એ આદતને) પોતાના માટે સારી ન સમજે. બલ્કે તે એમના માટે ખરાબ છે. નજીકમાં જ તે (વસ્તુ) જેમાં બખીલાઈ કરી હતી (તે) કયામતના દિવસે એમનાં ગળાનો ફંદો હશે અને અલ્લાહ જ વારિસ છે જમીન અને આસમાનોનો અને અલ્લાહ તમારા કાર્યોને જાણકાર છે. (સૂરએ આલે ઈમરાન, આયત - ૧૮૦)

**હદીસ :** જે કોમ ઝકાત નથી આપતી અલ્લાહ તઆલા એ કૌમને સુખા ના અઝાબ માં સપડાવી દેશે. (તિબરાની શરીફ)

**હદીસ :** જેઓ અલ્લાહ અને રસૂલ પર ઈમાન લાવ્યા તેઓ પોતાના માલની ઝકાત આપે. (તિબરાની શરીફ)

**હદીસ :** જે શખ્સ પોતાના માલની ઝકાત અદા નથી કરતા

કયામતના દિવસે એનો માલ ગંજા સાપની સૂરતમાં એની ગર્દન માં ઝૂલી રહ્યો હશે. (મકાશિફતુલ કુલૂબ)

જયારે માલ (દોલત) કોઈ મિત્રને ફાયદો ના પહોંચાડે, કોઈ સગા સંબંધીના માટે ઉપયોગી ના થાય, કોઈ ગરીબની મુરાદ પૂરી ન કરે તો પરિણામ એ આવે છે કે મર્યા પછી માલતો પાછળ વાળા લઈ જ લેશે પણ સદ્‌ઉપયોગ કર્યા વિના ભેગો કરીને જે મરી ગયો તે કયામતમાં હિસાબ આપવા માટે જવાબદાર છે અને તેની આ કંજૂસાઈ અઝાબ નું કારણ બને છે.

## શૈતાને લઈનને કંજૂસ થી પ્રેમ

એક વખત પયગમ્બરે ખુદા હઝરત યાહયા અલેહિસ્સલામ સાથે શૈતાને લઈન ની મુલાકત થઈ. હઝરત યાહયા અલેહિસ્સલામે તેને પુછ્યુ, "તને કેવા માણસથી પ્રેમ છે ?" તો જવાબમાં શૈતાને કહ્યુ, "મને બખીલ (કંજૂસ) મોમીન (મુસલમાન) થી પ્રેમ છે અને ગુનેહગાર (પાપી) સખી થી નફરત છે. એ એટલા માટે કે બખીલ મોમીન હશે તો પણ તેની કંજૂસાઈના કારણે જહન્નમમાં જવાનો જ છે, પણ ફાસીક (ગુનેહગાર) સખી થી મને બીક છે કે તેની સખાવતનો ગુણ તેના ગુનાહને માફ કરાવી જન્નતમાં લઈ જશે. એટલે હું કંજૂસને મિત્ર બનાવું છું." જતાં જતાં શૈતાને કહ્યું કે અગર તમે પયગમ્બર ના હોત તો હૂં આ રહસ્યભરી વાત કદાપી જાહેર ના કરત. (મકાશિફતુલ કુલૂબ)

# ઝકાત કુરઆન ની રોશનીમાં

★ "વ અકીમુસ્સલાત વ આતુઝ્ ઝકાત"

(અર્થાત : નમાઝ કાયમ કરો અને ઝકાત અદા કરો)

★ "વ આતૂ હક્કહૂ યવ્-મ હસાદિહી"

(અર્થાત : ખેતીની ઉપજ મેળવવા ના દિવસોમાં "ઉશ્ર" અદા કરો.)

★ (આ કુરઆન) હિદાયત છે પરહેઝગારોને માટે અને પરહેઝગાર (સંયમી) તે લોકો છે જેઓ અદીઠ (ગેબ) હકીકતો પર ઈમાન લાવે છે અને નમાઝ કાયમ કરે છે અને જે કંઈ અમે તેમને આપ્યું છે તેમાંથી ખર્ચ કરે છે.

★ બેશક એ લોકો જેઓ ઈમાન લઈ આવ્યા અને જેમણે સદ્કાર્યો અને નમાઝ કાયમ કરી અને ઝકાત આપી તેમના માટે તેમને અલ્લાહ તરફથી અતી ઉત્તમ બદલો મળશે.

★ માટે જો એ લોકો તૌબા (પશ્ચાતાપ) કરીલે અને નમાઝ કાયમ કરવા લાગે અને ઝકાત આપે તો હવે એ તમારા (મુસલમાનો ના) "દીની ભાઈ" છે.

★ નિશંક: અલ્લાહ તઆલાએ મોમિનોથી તેમની જાન અને તેમનો માલ જન્નતના બદલામાં ખરીદી લીધા છે.

★ અય મેહબૂબ ! જે લોકો આપને પૂછે કે તેઓ અલ્લાહની રાહમાં કેટલું ખર્ચ કરે ? તો આપ ફરમાવી દો કે, "જે કંઈ જરૂરતથી વધુ હોય તે..."

★ અને ભલાઈ મેળવે છે તો લોકો જેઓ ઝકાત અદા કરે છે.

★ જે લોકો સોના-ચાંદી જમા કરે છે અને તેને અલ્લાહની રાહમાં ખર્ચતા નથી તેવા લોકોને (કયામતના) ભયંકર અઝાબ (પ્રકોપ) ની આગાહી સંભળાવી દો જે દિવસે જહન્નમ (નર્ક) ની આગમાં (તેમનાં સોના-ચાંદીને) તપાવવામાં આવશે અને તેનાથી તેમના કપાળ, પેટ અને પીઠને ડામ આપવામાં આવશે. તેમને કહેવામાં આવશે કે આ જ તમારૂં સંઘરેલું ધન છે જે તમે પોતાના (નફસ) માટે ભેગું કર્યું હતું, તો તે એકઠું કરવાની હવે મઝા ચાખો.

★ જે લોકો અલ્લાહ તઆલાની કૃપાથી મેળવેલ ધનમાં કંજૂસાઈ કરે છે તે માલ સંબંધમાં તે લોકો એવો ગુમાન (ધારણા) ન રાખે કે તે માલ તેમના માટે ભલાઈનો છે, પરંતુ તે તેમના માટે ખરાબ છે, તે સમય દૂર નથી કે જે ધન માટે તેમણે કંજૂસાઈ કરેલ છે (ઝકાત આપી નથી) તે માલ કયામત ના દિવસે તેમના ગળામાં તોક બનાવીને (બોજ સ્વરૂપે) નાખવામાં આવશે.

★ જેથી જો તે લોકો કુફ્રથી તોબા (પશ્ચાતાપ) કરી લે અને નમાઝ કાયમ કરવા લાગે અને ઝકાત આપવા માંડે તો તેમનો રસ્તો ન રોકો.

# ઝકાત હદીસ ની રોશનીમાં

★ સહી બુખારી શરીફ મા ઈબ્ને ઉમર રદિયલ્લાહો અન્હુ થી મરવી છે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહી વસલ્લમે ફરમાવ્યુ કે, "જે જમીન ને આસમાન યા નદીઓએ સેરાબ કર્યુ અથવા ઉશ્રી હોય એટલે કે નહેર થી એને પાણી મળ્યુ હોય, એ ખેતી માં "ઉશ્ર" છે અને જે ખેતી ને ઉગાડવામાં જાનવરો પર પાણી લાદીને લાવવામાં આવે એ ખેતીમાં અડધુ "ઉશ્ર" છે એટલે કે વીસમો ભાગ (૫%)."

★ અલ્લાહ તઆલાએ (મુસલમાન પર) ચાર વસ્તુઓ ફર્ઝ ફરમાવી છે. જે શખ્સ (ચારે ફર્ઝ લાગુ થયેથી) તેમાંના ત્રણ ફર્ઝ પણ અદા કરે તો તે શખ્સને જરા પણ લાભ થશે નહીં, જ્યાં સુધી તે ચારેય ફર્ઝ અદા ન કરે. તે ચાર ફર્ઝ આ પ્રમાણે છે, નમાઝ, રોઝા, ઝકાત અને હજ્જ. (ઈમામ અહમદી)

★ જે કોમ ઝકાત અદા કરશે નહીં, અલ્લાહ તઆલા તે કોમને દુષ્કાળમાં સપડાવી દેશે. (તિબરાની)

★ જે માલની ઝકાત આપવામાં આવી નહીં હોય તે માલ કયામતના દિવસે મોટા અજગરના સ્વરૂપે સામે આવશે. તેના ઝેરને લીધે તેના માથાના વાળ ઉડી જશે, તેની આખોંમા બે કાળા ટપકા હશે આ અજગરને માળાની જેમ તેના ગળામાં નાખી દેવામાં આવશે, તે અજગર તેના મોઢાના ખૂણા પકડીને કહેશે કે હું તારો માલ છું તારો સંઘરેલ ખજાનો છું. (બુખારી શરીફ)

★ ઝકાતનો પૈસો (માત્ર) માલમાં ભળેલ નહીં રહે પણ તે (માલ) નો પણ નાશ કરી નાખશે. (મિશ્કાત શરીફ)

★ નમાઝ પઢો અને ઝકાત આપો, જે શખ્સ ઝકાત નહીં આપે તો તેની નમાઝ કુબૂલ થતી નથી. (તિબરાની, કબીર)

★ બે સ્ત્રીઓ હુઝૂરની ખિદમતમાં હાજર થઈ જેમના હાથમાં સોનાના કંગન અથવા બંગડીઓ હતી. આપે ફરમાવ્યું, "શું આ ઘરેણાની ઝકાત અદા કરો છો ? સ્ત્રીઓએ ના પાડી. તો આપે ફરમાવ્યું, "શું તમે ઈચ્છો છો કે અલ્લાહ તઆલા તમને આગની બંગડીઓ પહેરાવે ?" સ્ત્રીઓએ ફરી ના પડી. તો આપે ફરમાવ્યુ, "તો પછી તેની (દાગીનાની) ઝકાત અદા કરો. (તિરમીઝી શરીફ)

★ જે કોઈ માનવીની જરૂરિયાત પૂરી કરશે અલ્લાહ પાક તેની જરૂરિયાત પૂરી કરશે. (બુખારી શરીફ, મુસ્લિમશરીફ)

★ જે કોઈ, કોઈના દુઃખ અગર કષ્ટને દૂર કરશે અલ્લાહ પાક તેના કયામતના દિવસના દુઃખ અને કષ્ટને દૂર કરી દેશે.
(મિશ્કાત શરીફ)

★ તમને અલ્લાહની મદદ અને રોઝી ગરીબ (નબળાઓ) ના લીધે અને તેમની દુઆઓથી મળે છે.
(બુખારી શરીફ, મુસ્લિમશરીફ)

★ જે લોકો નમાઝને " જાહેર ઈબાદત" સમઝીને અદા કરે છે અને ઝકાતને "છુપી ઈબાદત" સમઝીને છોડી દે જે એ લોકો મુનાફિક છે.

★ જે નમાઝી છે તેને નમાઝના દરવાજેથી જન્નતમાં બોલાવવામાં આવશે. જેહાદ કરવાવાળાને જેહાદનાં દરવાજેથી બોલાવવામાં આવશે. સદકો આપનારને સદકાના દરવાજેથી અને રોઝો રાખનારને "રય્યાન" નામના દરવાજેથી જન્નતમાં બોલાવવામાં આવશે, પરંતુ અલ્લાહને નામે જે એક જોડી કપડાં આપશે તે શખ્સને જન્નતના દરેક દરવાજેથી બોલાવવામાં આવશે. (બુખારી શરીફ, મુસ્લિમ શરીફ)

## ઉશ્ર (ખેતીની ઝકાત)

જમીનની પેદાશ એટલે ખેતી, વૃક્ષોના ફળ, મધ, દરેક જાતનું અનાજ, કઠોળ, કપાસ, શાકભાજી, ફૂલ વગેરે ઉપર "ઉશ્ર" વાજિબ છે. ચાહે તેની ઉપજ ઓછી હોય કે વધારે. એક "સાઅ" (૫૦૦ ગ્રામ લગભગ) થી ઓછી નિપજ ન હોય તેવા દરેક પાક ઉપર "ઉશ્ર" વાજિબ છે. વળી તેમાં એક વર્ષની મુદત વીતી હોવાની શરત પણ નથી, બલ્કે જો વર્ષમાં એક કરતાં વધુ વાર પાક ઉતરે તો તે દરેક ઉપર "ઉશ્ર" વાજિબ છે, જો વૃક્ષો વર્ષમાં બે-વાર ફળ આપે તો બે વાર "ઉશ્ર" વાજિબ થશે. આ ઉપરાંત માલિક પુખ્તવયનો કે બુદ્ધિશાળી જ હોવો જોઈએ એ પણ જરૂરી નથી, પાગલ અને ના-બાલિગના માલમાંથી પણ "ઉશ્ર" વાજિબ છે. વકફની જમીન હોય કે વાવણી પૂરતી લીધેલ જમીન દ્વારા મળેલ નિપજ ઉપર "ઉશ્ર" વાજિબ છે.

# ઉશ્ર ના નિયમો

૧. આપોઆપ ઉગી નિકળતા ઘાસ, વાંસ તથા વૃક્ષો માટે કંઈક રાખી મૂક્યું હોય તો તેના પર "ઉશ્ર" ફર્ઝ છે.

૨. જે જમીનને લીલી કરવામાં ખર્ચ કે મહેનત ન હોય અર્થાત વરસાદ અથવા પૂરના પાણીને કારણે ફળદ્રુપ થયેલી જમીનથી મેળવેલ પાકનો દસમો ભાગ (૧૦%) "ઉશ્ર" તરીકે આપવો વાજિબ છે. એટલે દસ મણ પાકમાંથી એક મણ અથવા દસ શેરમાંથી એક શેર.

૩. જે જમીનને લીલી કરવા માટે મહેનત અને રૂપિયાનો ખર્ચ હોય તે કયારાવાળી જમીન અથવા નહેરી જમીનની પેદાશનો વીસમો ભાગ (૫%) "ઉશ્ર" તરીકે આપવું વાજિબ છે. એટલે દસ મણમાંથી અર્ધો મણ અને દસ શેરમાંથી અર્ધો શેર. કોસ, પંપીંગ સેટ, ટ્યુબવેલ વગેરેના પાણીથી અથવા ખરીદેલ પાણીથી ફળદ્રુપ થતી જમીનના પાક માટે વીસમો ભાગ (૫%) "ઉશ્ર" તરીકે ગણાશે.

૪. ઉશ્રી જમીન અથવા પહાડ કે જંગલમાં જો મધની પેદાશ કરવામાં આવે તો તેની ઉપર પણ "ઉશ્ર" વાજિબ છે.

૫. ઘરમાં ઉગાડેલ શાકભાજી કે વૃક્ષના ફળ ઉપર "ઉશ્ર" વાજિબ નથી.

૬. ખેતી માટે થતા તમામ ખર્ચ બાદ કરીને "ઉશ્ર"ની ગણતરી થતી નથી પણ કુલ ઉપજનો દસમો કે વીસમો ભાગ (જે તેના માટે વાજિબ હોય) "ઉશ્ર" તરીકે ગણાશે.

૭. ભાગીદારીવાળી ખેતી કે કરારવાળી જમીનના પાકના હિસ્સા વહેંચી લીધા પછી દરેક ભાગીદારે પોતાના મળેલ હિસ્સાનો દસમો કે વીસમો ભાગ (જે તેના માટે વાજિબ હોય) "ઉશ્ર" તરીકે આપવો પડશે.

૮. ખેતીનો પાક કે વૃક્ષના ફળ પાકી જાય અથવા તો ઉતારવાને લાયક ન હોવા છતાં ઉપયોગમાં લઈ શકાય તેવી સ્થિતિમાં "ઉશ્ર" વાજિબ થઈ જાય છે. જેમકે ચણા, મકાઈના ભુટ્ટા, આંબાના કાચા ફળ વગેરે તે સ્થિતિમાં પણ ઉપયોગમાં લઈ શકાય છે. ટૂંકમાં અનાજ અને ફળ સામાન્ય ઉપયોગને લાયક થઈ જતાં જ "ઉશ્ર" વાજિબ થઈ જાય છે.

૯. જે માનવી પર "ઉશ્ર" વાજિબ હોય તે "ઉશ્ર" અદા કર્યા વિના મૃત્યુ પામે તો તેની મિલ્કતમાંથી "ઉશ્ર" ની રકમ વસૂલ કરી શકાશે, ચાહે તેણે વસીયત કરી હોય કે ન કરી હોય.

૧૦. કોઈ માનવી ખેતર અથવા બગીચામાં બીજ વાવે અને તેને પાકતા પહેલાં વેચી દે તો "ઉશ્ર" ની રકમતેના ખરીદારને અદા કરવી પડશે. જો પાક્યા તો વેચવાવાળા પર "ઉશ્ર" વાજિબ છે.

૧૧. જો કોઈ એક જ ભાગીદારના બીજ હોય તો પણ દરેક ભાગીદાર ઉપર "ઉશ્ર" વાજિબ છે.

૧૨. જે પાકની પેદાશ થઈ હોય તે જ પાકની ગણત્રી મુજબ "ઉશ્ર" તરીકે આપી શકાય છે. અથવા તો તેની કિંમતની બરાબર રકમ પણ "ઉશ્ર" તરીકે આપી શકે છે.

૧૩. જ્યાં સુધી "ઉશ્ર" નો માલ અલગ કાઢે અથવા અદા ન કરે ત્યાં સુધી માલિક ન તો પોતે તેનો ઉપયોગ કરે ન તો બીજાને કરવા દે.

## સાએમા (ચરતા જાનવરની ઝકાત)

જંગલમાં ચરનાર જાનવરોને "સાએમા" કહેવાય છે. જેમકે એ હેતુએ છૂટા મુકવામાં આવે છે કે તેઓ જાડા અને હૃષ્ટ-પૃષ્ટ થાય, વધુ દૂધ મેળવી શકાય તથા તેમની વંશવૃદ્ધિ થાય. આમાં ઉંટ, ગાય ભેંસ અને ઘેંટા, બકરા, દુમ્બાનો સમાવેશ થાય છે. ઘોડા, જંગલી બકરા કે અન્ય પ્રાણીઓ "સાએમા" તરીકે ગણાશે નહી. જો છ માસ સુધી પ્રાણી જંગલમાં ચરે અને ૬ માસ સુધી ઘરે ઘાંસ ખાય તો જાનવર "સાએમા" તરીકે ગણાશે નહીં કારણ કે વર્ષના મોટા ભાગમાં જંગલમાં ચરવા માટે છૂટા મુકેલા જ પ્રાણીઓ કે જેમની ઉપર એક વર્ષનો સમય પણ વીતી ગયો હતો તો જ તેઓ "સાએમા" તરીકે ગણાશે અને તેમની ઝકાત આપવી વાજિબ થશે.

જો વ્યક્તિગત લાભ માટે પ્રાણીઓ ચરતા હોય જેમકે સવારી કરવી, હળમાં જોતરવું કે માંસ મેળવવાની ઈચ્છાએ તેવા પ્રાણી "સાએમા" ગણાશે નહીં. વેપારના જાનવર હોય તો એ જાનવર "સાએમા" તરીકે નહીં પણ વેપારના જાનવર તરીકે ગણાશે તો તેમની થતી કિંમતથી રકમપર ઝકાત આપવી પડશે "સાએમા" તરીકે નહીં, કેમકે "સાએમા" ની ઝકાત

પેઠે જાનવર ઝકાત તરીકે આપવામાં આવે છે. ઝકાત તરીકે આપવામાં આવતો બકરો અથવા બકરીની ઉંમર એક વર્ષ કરતાં ઓછી ન હોવી જોઈએ. પૂરા એક વર્ષનો તો હોવો જ જોઈએ. તદ ઉપરાંત જો કુલ જાનવરોમાં બધા બચ્ચા એક વર્ષથી નાની ઉંમરના હોય તો એકે ઉપર ઝકાત વાજિબ નથી પણ એ બચ્ચાઓની સાથે કોઈ એક (એક વર્ષ કરતાં) મોટું જાનવર હોય તો ઝકાત બધા જાનવરની આપવી પડશે અને તે એક મોટું જાનવર જ ઝકાત તરીકે આપવું પડશે.

ભાગીદારીમાં જો જાનવરો હોય તો તેમના ભાગીદાર દીઠ હિસ્સા પાડી દરેક ભાગીદાર પોતાના હિસ્સામાં આવતા પ્રાણીઓની ઝકાત નિસાબ પ્રમાણે કાઢે. જો નિસાબ કરતાં ઓછી સંખ્યા થતી હોય તો ઝકાત નથી.

## ઘેંટા–બકરા ની ઝકાત

| ઘેંટા-બકરા ની સંખ્યા | ઝકાત |
|---|---|
| ૪૦ કરતાં ઓછી | ઝકાત નથી |
| ૪૦ થી ૧૨૦ | ૧ બકરી અથવા ઘેટું |
| ૧૨૧ થી ૨૦૦ | ૨ બકરી અથવા ઘેંટા |
| ૨૦૧ થી ૨૯૯ | ૩ બકરી અથવા ઘેંટા |
| ૩૦૦ થી ૩૯૯ | ૪ બકરી અથવા ઘેંટા |

★ તે પછીની દરેક એકસો વધારાની સંખ્યા પર એક બકરી વધુ ઝકાત રૂપે વાજિબ છે. ઘેટું અને બકરી ઝકાતની બાબતમાં

બંને સમાન છે. ઘેટું અથવા બકરીનું એક વર્ષનું બચ્ચું જે બીજા વર્ષમાં દાખલ થઈ ચુક્યું હોય તે, નર હોય કે માદા, ઝકાત તરીકે આપવું જોઈએ.

★ વર્ષ દરમિયાન વધુ સમય ચરનાર દરેક પ્રાણી પર એક વર્ષનો સમય વીતી ગયા પછી ઝકાત વાજિબ થશે.

## ઉંટો ની ઝકાત

| ઉંટની સંખ્યા | ઝકાત (અરબી ભાષામાં) | સમજૂતી |
|---|---|---|
| ૫ થી ઓછી | --- | ઝકાત નથી |
| ૫ થી ૯ | --- | ૧ બકરી |
| ૧૦ થી ૧૪ | --- | ૨ બકરી |
| ૧૫ થી ૧૯ | --- | ૩ બકરી |
| ૨૦ થી ૨૪ | --- | ૪ બકરી |
| ૨૫ થી ૩૫ | ૧ બિન્તે મુઆદ | ૧ વર્ષની ઉંમરની ૧ ઉંટણી |
| ૩૬ થી ૪૫ | ૧ બિન્તે લબૂન | ૨ વર્ષની ઉંમરની ૧ ઉંટણી |
| ૪૬ થી ૬૦ | ૧ હિક્કહ | ૩ વર્ષની ઉંમરની ૧ ઉંટણી |
| ૬૧ થી ૭૫ | ૧ જુઝઅહ | ૪ વર્ષની ઉંમરની ૧ ઉંટણી |
| ૭૬ થી ૯૦ | ૨ બિન્તે લબૂન | ૨ વર્ષની ઉંમરની ૨ ઉંટણી |
| ૯૧ થી ૧૨૦ | હિક્કહ | ૩ વર્ષની ઉંમરની ૨ ઉંટણી |

★ ઉંટોની સંખ્યા ૧૨૦ થી વધી જાય તો નવા નામે હિસાબ કરવામાં આવશે. એટલે ૧૨૦ પછી વધારાના ૪ ઉંટોની

ઝકાત થશે નહીં. પણ વધારાના પાંચ ઉંટો ઉપર બે હિક્કહ ઉંટણીઓ સાથે વધારાની એક બકરી ઝકાતમાં આપવી પડશે. એ જ પ્રમાણે દસ વધુ ઉંટો પર બે વધુ બકરીઓ અને પંદર વધુ ઉંટો પર ત્રણ વધારાની બકરીઓ અનુક્રમે ઝકાત તરીકે આપવી પડશે.

## ગાય – ભેંસ ની ઝકાત

| ગાય - ભેંસની સંખ્યા | ઝકાત (અરબી ભાષામાં) | સમજૂતી (ગુજરાતી ભાષામાં) |
|---|---|---|
| ૩૦ થી ઓછી | --- | ઝકાત નથી |
| ૩૧ થી ૩૯ | ૧ તબીઅ | ૧ વર્ષનો ૧ વાછરડો અથવા વાછરડી |
| ૪૦ થી ૫૯ | ૧ મુસીન | ૨ વર્ષનો ૧ વાછરડો અથવા વાછરડી |
| ૬૦ થી ૬૯ | ૨ તબીઅ | ૧ વર્ષનો ૨ વાછરડો અથવા વાછરડી |
| ૭૦ થી ૭૯ | ૧ મુસીન<br>૨ તબીઅ | ૨ વર્ષનો ૧ તથા ૧ વર્ષના ૨ વાછરડા અથવા વાછરડીઓ |
| ૮૦ થી ૮૯ | ૨ મુસીન | ૨ વર્ષના ૨ વાછરડા અથવા વાછરડીઓ |
| ૯૦ થી ૯૯ | ૩ તબીઅ | ૧ વર્ષના ૩ વાછરડા અથવા વાછરડીઓ |
| ૧૦૦ | ૨ તબીઅ<br>૧ મુસીન | ૧ વર્ષના ૨ અને ૨ વર્ષનો ૧ વાછરડો અથવા વાછરડી |

★ ત્યાર પછીની સંખ્યાનો હિસાબ નવેસરથી થાય છે. ગાય અને ભેંસ બંને માટે એક જ હુકમ છે.

# સખાવત ની ફઝીલત

હઝરત ઈબ્ને ઉમર રદિયલ્લાહો તઆલા અન્હોથી રિવાયત છે કે જનાબે રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે, "સખી, અલ્લાહથી કરીબ અને દોઝખથી દૂર છે. જાણવું જોઈએ કે સખાવત અંબિયા અલયહિસ્સલામની આદત અને દોઝખથી નજાત મેળવવાનો જરીઓ છે."

હઝરત નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે, "બે ખસલતો અલ્લાહ તઆલાને બહુ જ પસંદ છે. એક સખાવત, બીજુ ખુશ્કખલ્કી" અને ફરમાવ્યું કે, "સખાવત ઈમાનની જડ છે." અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે "મારા ઈઝઝત અને જલાલની કસમ ! સખી જન્નતમાં દાખલ થશે." અને ફરમાવ્યું કે, "સખી અલ્લાહનો દોસ્ત છે, ભલે તે ફાસિક હોય !" અને ફરમાવ્યું કે, "મારી ઉમ્મત ફક્ત નમાઝ, રોજાથી જ જન્નતમાં નહીં જાય પરંતુ વધારે ઉમ્મત સખાવતની બરકતથી જન્નતમાં દાખલ થશે." અને ફરમાવ્યું કે, "અલ્લાહની નજીક જાહિલ સખી, લોભી આલિમથી બહેતર છે." અને ફરમાવ્યું કે, "સખીની ઉમરનું એક વર્ષ લોભીના ઉમરના ૧૦૦ વર્ષથી બહેતર છે." અને ફરમાવ્યું કે, "સખી થી દુશ્મની રાખવી, ખુદાથી દુશ્મની રાખવી છે."

(અનીસુલ વાએઝીન)

# સખાવત નો બદલો

એકવાર હઝરત ઈમામ હસન રદિયલ્લાહો તઆલા અન્હો અને હઝરત ઈમામ હુસૈન રદિયલ્લાહો તઆલા અન્હો અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને જાફર રદિયલ્લાહો તઆલા અન્હો હજ્જ માટે જઈ રહ્યા હતા. રસ્તામાં ભૂખ અને તરસ લાગી. બધાએ (એક) બુઢિયાના મકાન ઉપર જઈને પાણી માંગ્યું. તેની પાસે એક બકરી હતી. તેનું દૂધ દોહીને આ બધાઓને પીવડાવ્યું. તઓએ પુછ્યૂં કે, "તારી પાસે કંઈ ખાવાનું છે ?" તેણીએ કહ્યું કે, "આ બકરી ઝુબ્હ કરીને આપ સૌ લોકો ખાઈ લો." તેઓએ તેને ઝુબેહ કરીને ગોસ્ત ભુંજીને ખાધું અને હજ્જ માટે રવાના થઈ ગયા. હજ્જ થી પરવારીને મદીના શરીફમાં પાછા આવી ગયા. તે અરસામાં તે બુઢી ઓરત પોતાના શોહર સાથે ફકીર થઈને મદીના મુનવ્વરામાં રહેવા લાગી.

હઝરત ઈમામે હુસૈન રદિયલ્લાહો તઆલા અન્હોએ તેને રસ્તામાં જોઈ અને ઓળખી લીધી અને એક હજાર બકરીઓ ખરીદીને આપી. પછી હઝરત ઈમામે હસન રદિયલ્લાહો તઆલા અન્હોને જયારે તે બુઢિયાના હાલની ખબર પડી તો આપે પણ તેને, એક હજાર બકરીઓ આપી જયારે અબ્દુલ્લાહ ઈબ્ને જાફર રદિયલ્લાહો તઆલા અન્હો તેના હાલથી વાકિફ થયા તો તેઓએ ૨,૦૦૦ બકરીઓ અને દસ હઝાર દિરહમ પણ આપયા.

જો અલ્લાહે એક બકરીનાં બદલામાં દુનિયામાં જ તેને ૪,૦૦૦ બકરીઓ અને ૧૦,૦૦૦ દિનાર અપાવ્યાં, આખેરતમાં જે કંઈ અલ્લાહ તેને આપશે તો કોઈ જાણી શકે. (અનીસુલ વાએઝીન)

## સખ્ખી નો મરતબો


હઝરત અનસ રદિયલ્લાહો તઆલા અન્હોથી રિવાયત છે કે નબીએ અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે, "જ્યારે અલ્લાહ તઆલાએ જમીનને પૈદા કરી તો તે કાંપવા લાગી. જમીનનું કાંપવું બંધ ન થયું. ફરિશ્તાઓએ પૂછ્યું કે, "એ અલ્લાહ તઆલા ! તે પહાડથી પણ વધારે કોઈ સખ્ત ચીજ પૈદા કરી છે ? હુકમ થયો, હાં તે લોઢું છે ! "ફરી ફરિશ્તાઓએ પૂછ્યું કે, શું લોઢાથી વધારે પણ કોઈ સખ્ત ચીજ પૈદા કરી છે ?" હુકમ થયો, "હાં તે આગ છે." ફરી ફરિશ્તાઓએ પૂછ્યું કે, "તે આગથી વધારે પણ સખ્ત ચીજ પૈદા કરી છે ?" હુકમ થયો, "હાં, તે હવા છે." ફરી ફરિશ્તાઓએ પૂછ્યું કે, "હવાથી પણ વધારે સખ્ત ચીજ પૈદા કરી છે ?" હુકમ થયો, "હાં તે બની આદમ છે. એટલા માટે કે તે જમણા હાથથી સદકો કરે છે અને તેના ડાબા હાથને પણ ખબર નથી હોતી." આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે, "જ્યારે સદકો દેવાવાળો સદકો દે છે તો તેનો હાથ, તેનાથી પાંચ વાતો કરે છે."

૧. હું નાનો હતો તે મને વિશાળ કરી દીધો.
૨. પહેલે તું મારો નિગેહબાન હતો, હવે હું તારો નિગેહબાન થઈ ગયો છું.
૩. પહેલે હું તારો દુશ્મન હતો, હવે તે મને દોસ્ત બનાવી લીધો.
૪. પહેલે હું ફાની (નાશવંત) હતો, તે હવે મને બાકી (કાયમરહેવાવાળો) બનાવી દીધો.
૫. પહેલે હું થોડો હતો, હવે તે મને ખૂબ જ કરી દીધો.

આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરામાવ્યું કે, "જે શખ્સ પોતાના મુસલમાન ભાઈને પેટ ભરીને ખાવાનું ખવડાવે અને પેટ ભરીને પાણી પીવડાવે, અલ્લાહ તેને દોઝખથી દૂર કરી દે છે."

દોઝખ કહે છે કે, "એ અલ્લાહ ! મને શુક્ર નો સજદો કરવાની ઈજાજત આપ ! કેમકે મને ઉમ્મતે મોહમ્મદીના, સદકો કરવાવાળાઓ ઉપર, અઝાબ કરતા શરમ આવતી હતી અને તે તેઓને મારાથી આઝાદ કરી દીધા."

સુબ્હાનલ્લાહ ! શું સખાવતનો દરજ્જો છે ? આઓ બખીલી (કંજૂસાઈ) ની બલા વિષે પણ જાણીએ.



# બખીલી (કંજૂસી) એક બલા છે

હઝરત અનસ બિન માલિક રદિયલ્લાહો તઆલા અન્હોથી રિવાયત છે કે જનાબે સરવેર અંબિયા અલયહિસ સલાતુ વસ્સલામે ફરમાવ્યું કે, "લોભી ખુદાનો દુશ્મન છે, અગર તે ઈબાદત ગુઝાર પણ હોય."

નકલ છે કે એકવાર જનાબે નબીએ કરીમ અલયહિસ્સલાતુ વસ્સલામ, કાબાનો તાવફ કરી રહ્યા હતા. જોયું કે એક માણસ દરે કાબાની સાંકળો પકડીને રોઈ રહ્યો હતો અને કહે છે, "યા અલ્લાહ ! આ નમાઝની બરકતથી મારા ગુનાહ બખ્શી દે."

આપે પૂછ્યું કે, "તે શું ગુનાહ કર્યો છે." તેણે કહ્યું કે, "મારો ગુનાહ બહુ જ મોટો છે. હું માલદાર લોભી છું, જ્યારે ફકીરને જોઉં છું, મારા જિસ્મમાં આગ લાગી જાય છે." આપે ફરમાવ્યું કે, "પાછળ હટ, ક્યાંક તારી આગ મને ન લાગી જાય."

દોસ્તો ! ઉપરની બન્ને હદીસો ગૌર કરવા જેવી છે. જેનો ટૂંકસાર એ જ છે કે, લોભીને ખુદાનો દુશ્મન કહેવામાં આવ્યો છે, ભલે તે ઈબાદત ગુઝાર કે નમાઝી પણ હોય.

વળી કાબાની સાંકળો પકડી રડનાર લોભી નમાઝીને પણ અલ્લાહના રસુલ હટી જવાનું કહે છે. તો સાફ સાબિત થાય છે કે અલ્લાહની રાહમાં, અલ્લાહની ખુશી હાસિલ કરવામાં, લોભ કરવાથી કે સખાવતની હાથ ખેંચી લેવાથી

મુસલમાન, અલ્લાહ અને રસુલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની નઝરમાંથી ઉતરી જાય છે.

એટલે કે ગરીબ, મિસ્કીન, ફકીર, યતીમ, બેવા, મજબૂર રિશ્તેદારોને માટે, અલ્લાહની રાહમાં મદદરૂપે માલ ન ખર્ચવાથી આપણા અમલો, ઈબાદતો બેકાર જાય છે. તે વાતની ફક્ત કોરા અમલ ભુખ્યા નાદાનોએ નસીહત લેવી જોઈએ અલ્લાહ સોને હિદાયત આપે. આમીન...

હુઝુરે સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે, "બે ફરિશ્તા દરરોજ પોકારે છે કે ઈલાહી ! જે ખર્ચ કરે (તારી રાહમાં) તેને ઓર વધુ આપ અને જે જમાં (દોલત) કરે તેનો માલ બેકાર કરી દે." વધુમાં ફરમાવ્યું કે, "અલ્લાહ ત્રણ માણસોને પોતાના દુશ્મન રાખે છે. (૧) બુઢ્ઢો ઝિનાખોર (૨) ઘમંડી માલદાર, (૩) લોભી."

હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે, "બુખ્લ (લોભ) અને ઈમાન એક દિલમાં જમા નથી થતા ! અગર ઈમાન છવાઈ જાય છે તો લોભ દૂર થઈ જાય છે. અગર લોભ છવાઈ જાય છે તો ઈમાન જતું રહે છે." અને ફરમાવ્યું કે, "જે માણસ પોતાના ઉપર લોભનો દરવાજો ખોલે છે (એટલે કે લોભ કરે છે) અલ્લાહ તેના ઉપર પોતાની રહેમતનો દરવાજો બંધ કરી દે છે."

બખીલની ગવાહી ભરોસાપાત્ર નથી કેમકે તે શર્મવાળો નથી હોતો, હઝરત સાઅબી રહમતુલ્લાહ અલયહનો કોલ

છે કે, "દોઝખમાં વધારે બાળવાવાળી બે ખસલતો છે, (૧) લોભ, (૨) જુઠ." અને લખ્યું છે કે, "ત્રણ માણસોને દુનિયા દુશ્મન રાખે છે, (૧) જાલિમ, (૨) લોભી, (૩) ખૂબ જ ખાવાવાળો."

હઝરત જુનૈદ બગદાદી રહમતુલ્લાહ અલયહથી લોકોએ પૂછ્યું કે, "દુનિયામાં સૌથી બુરી ખસલત કઈ છે !" આપ ફરમાવ્યું કે, "લોભ ! અને બીજુ શરીઅતનો ઈર્ષા સાથે વિરોધ કરવાને લોભ કહે છે." મિસાલના તોર ઉપર ઝકાત અને સદકો ન દેવું, કુરબાની ન કરવી, એહલો અયાલ અને માં-બાપને તાકત રાખતો હોવા છતા નિભાવ ખર્ચમાં કમી કરવી, દાવતે વલીમાનું (લગ્ન નું ખાણું), અકીકો, ખત્ના વગેરેમાં ખર્ચ ન કરવું, પોતાના નોકરોને ભૂખ્યા રાખવા.

લોભી જરૂર દોઝખમાં જશે અને જે માણસ મહેમાનની મહેમાનગતી ન કરે અને ફકીરનો સવાલ પૂરો ન કરે, "કુતરા - બિલાડીને ટુકડો ન આપે તે પણ લોભી છે અને જે માણસ પોડાશીને ભૂખ્યા જુએ અને ખાણું ન ખવડાવે તે પણ લોભી છે અને તે જુમ્આ યા ઈદમાં તાકાત રાખતો હોવા છતાં નવું કપડું ન પહેરે તે પણ લોભી છે.

અલ્લાહ તઆલા ફરમાવે છે કે, "અલ્લાહથી ડરો, ગુનાહથી બચો અને એહકામે ઈલાહીને દિલથી સાંભળો અને ફરમાબરદારી કરો. પોતાના ફાયદા માટે અલ્લાહની રાહમાં ખર્ચ કરો અને જે લોકો પોતાના નફસ સાથે લોભ કરવાથી

બાઝ રહ્યા, તેઓએ ફલાહ પામી. ડરનો અર્થ : તે છે કે, શરીઅતની ખિલાફ ન કરે અને નાના મોટા ગુનાહોથી બચે. ફક્ત સાંભળી લેવું કાફી નથી, બલ્કે તેના ઉપર અમલ પણ કરવો જોઈએ."

## કારૂન ઝકાત ચોરીમાં માર્યો ગયો

નિશ્કાતમાં છે કે કારૂનથી જ્યારે હઝરત મૂસા અલયહિસ્સલામે ઝકાત દેવાનો હુકમ ફરમાવ્યો એટલે કારૂને પોતાનાં માલથી ઝકાત કાઢીને એક જગ્યા ઉપર ભેગી કરી. તો એક ટેકરાની મિસાલ થઈ ગઈ ! પછી પોતાનાં લોભના કારણે તેણે ઝકાત ન આપી અને બની ઈસરાઈલ (હઝરત મૂસા અલયહિસ્સલામની ઉમ્મત) થી કહેવા લાગ્યો કે "મૂસા અલયહિસ્સલામ તમારો માલ લેવા ચાહે છે." બધાએ કહ્યું કે, "જે તમે કરો, અમે તેના ઉપર અમલ કરીએ." કારૂને કહ્યું કે, "ફલાણી જાનિયા (જિનાખોર ઓરત) ને લઈ આવો જેથી તે હઝરત મૂસા અલયહિસ્સલામ ઉપર જિના (બળાત્કાર) ની તોહમત લગાડે." લોકો તેને લઈ આવ્યા. કારૂને તેને કહ્યું કે, "અગર તૂ મૂસા ઉપર જિના (બળાત્કાર) નો આરોપ લગાવે અને તે આરોપથી પોતાને હામેલા બતાવે તો હું તને હજાર દિનાર આપીશ." પછી ઈદના દિવસે લોકોને ભેગા કરીને હઝરત મૂસા અલયહિસ્સલામને વાએઝ કરવાની દરખાસ્ત કરી. આપ વાએઝ કર્યું અને બયાન કર્યું કે, "જે ચોરી કરે,

અમે તેના હાથ કાપીશું અને જે કોઈ, કોઈને જિનાની તોહમત લગાવે તેને કોરડા મારિશું અને જો ઈઝઝતદાર શખ્સ જિના કરે તેને પથ્થર મારો કરીશું.''

કારૂને કહ્યું કે, ''અગર ખુદ આપે એવું કર્યું તો ?''

આપે ફરમાવ્યું, કે ''મારા માટે પણ એ જ સજા છે.'' કારૂને કહ્યું કે, ''બની ઈસરાઈલને શક છે કે આપે ફલાણી ઓરત સાથે જિના કર્યું છે.'' આપ ફરમાવ્યું કે, ''તેને બોલાવો.'' જ્યારે તે આવી તો આપે ફરમાવ્યું કે, ''અલ્લાહ અને તૌરેત (મૂસા અલયહિસ્સલામ ઉપર જે કિતાબ નાઝિલ થઈ તે) ની કસમ દઈને કહ્યું કે ''સાચું કહે ?'' તેણીએ કહ્યું કે, ''આપ તેનાથી બરી છો, બલ્કે કારૂને મને હજાર દીનાર દેવાનું કહ્યું હતું, એ શરત ઉપર કે હું આપના ઉપર જિનાની તોહમત લગાઉં ! પરંતુ હું અલ્લાહથી ડરૂં છુ કે નબી ઉપર જિનાની તોહમત લગાડૂં !'' મૂસા અલયહિસ્સલામ સજદામાં પડી ગયા અને રડીને કહ્યું કે, ''એ અલ્લાહ! અગર હું તારો સાચો નબી છું તો તું મારી ફરિયાદ સાંભળ.'' વહી નાઝિલ થઈ કે, ''અમે જમીનને તમારા કબજામાં આપી દીધી.''

આપે લોકોથી કહ્યું કે, ''જે કારૂન હોય તે તેની રેહબરી નીચે સાબિત કદમ રહે અને જે મારી સાથે હોય, તે તેનાંથી છેડો ફાડી નાંખે,'' એટલે બે માણસો સિવાય બધા કારૂનથી અલગ થઈ ગયા. હઝરત મૂસા અલયહિસ્સલામે કહ્યું કે, ''એ જમીન ! તેઓને લઈલે !'' જમીને તેઓને ગોઠણ

સુધી ખેંચી લીધા. ફરી હુકમકર્યો કે, જમીને કમર સુધી ખેંચી લીધા. ફરી આપે હુકમ કર્યો, ગરદન સુધી જમીનમાં ઘુસી ગયા. તે લોકો બરાબર આકંદ કરવા લાગ્યા. પરંતુ અનહદ ગુસ્સાના કારણે આપે ધ્યાન ન આપ્યું. ચોથીવાર આપના હુકમથી તેઓ બિલકુલ જમીનમાં ગાયબ થઈ ગયા !''

બની ઈસરાઈલ આપસમાં કહેવા લાગ્યા કે, ''હઝરત મૂસા અલયહિસ્સલામે કારૂનને એટલા માટે બદદુઆ આપી કે તેનો માલ ખુદ લઈ લે.'' જયારે આપને આ વાતની ખબર પડી, દુઆ કરી તો તેનો માલ-સામાન બધો જમીનમાં સમાઈ ગયો. લોભનો નતીજો મેળવ્યો. (અનીસુલ આરેફીન)

## કારૂન કોણ હતો ?

'' અજાઈબુલ કુરઆન'' માં છે કે કારૂન, હઝરત મૂસા અલયહિસ્સલામના કાકા, યશહરનો દીકરો હતો. ખૂબ જ ખૂબસૂરત માણસ હતો. એટલે લોકો તેના હુસ્નો-જમાલથી પ્રભાવિત થઈને તેને ''મુનવ્વર'' કહ્યા કરતા હતાં. તેના સાથે સાથે તેનામાં એક અમલ હતો કે તે બની ઈસરાઈલમાં તૌરેતનો ખૂબ જ મોટો આલિમ હતો. ખૂબજ મિલનસાર અને અખ્લાકવાળો માણસ હતો. લોકો તેનો ખૂબ જ અદબ અને એહતરામ કરતા હતાં. પરંતુ બેશુમાર દૌલત તેના હાથમાં આવતા જ તેની હાલતમાં એકદમ બદલાવ આવી ગયો અને સામરી (જાદુગર) ની જેમ મુનાફિક થઈને મૂસા

અલયહિસ્સલામનો બહુજ મોટો દુશ્મન થઈ ગયો. જ્યારે ઝકાતનો હુકમ નાઝિલ થયો તો તેણે હઝરત મૂસા અલયહિસ્સલામની રૂબરૂ એ વાયદો કર્યો કે એ પોતાનાં તમામ માલોમાંથી હજારો હિસ્સા ઝકાત કાઢશે. પરંતુ જ્યારે તેણે માલનો હિસાબ લગાવ્યો તો ખૂહજ મોટી રકમ ઝકાતની નિકળી. એ જોઈને તેના ઉપર એકદમ લાલચ અને લોભનું ભૂત સવાર થઈ ગયું. (અજાઈબુલ કુરઆન, પેજ-૨૩૫,૨૩૬)

દોસ્તો ! આપણે જાણ્યુ કે, "કારૂન" મૂસા અલયહિસ્સલામના કાકાનો દિકરો, ભાઈ થતો હતો, મૂસા અલયહિસ્સલામ ઉપર નાઝિલ થયેલ કિતાબ તૌરેતનો આલિમ હતો. મૂસા અલયહિસ્સલામની શરીયતનું પાલન કરતો પણ જ્યારે ઝકાતનો હુકમ થયો તો લોભ લાગ્યો. અલ્લાહના હુકમની નાફરમાની કરી, અલ્લાહના પ્યારા પયગંબર મૂસા અલયહિસ્સલામનો દુશ્મન થઈ ગયો અને તેનું આલિમ હોવું, તેનું ઈબાદત કરવું, મૂસા અલયહિસ્સલામના ભાઈ હોવું, કાંઈ કામ ન આવ્યું.

અલ્લાહથી મહોબ્બતનો ફક્ત જબાની દાવો ચાલતો નથી, ફક્ત કોરા રોઝા, નમાઝના અમલો બક્ષીશ માટે કામ નહીં આવે. અલ્લાહની મહોબ્બતમાં જાન, આલ-ઔલાદ, વતન અને માલ પણ લુટાવવો પડે છે.

જે રીતે હઝરતે ઈમામે હસનો-હુસૈન રદિયલ્લાહો તઆલા અન્હોની આજમાઈશ થઈ, વતન, માલ, જાન,

ઔલાદ ચારેયની આજમાઈશ થઈ અને હઝરતે અલી રદિયલ્લાહો તઆલા અન્હોના શેરોએ, અલ્લાહની સાચી મહોબ્બતની દલીલ દુનિયાને આપી ગયા તે જગ જાહેર છે.

ઘણા લોકો કલ્મા,નમાઝ,રોજા,હજ્જ ના અરકાન તો બરાબર અદા કરે છે પરંતુ ઝકાત કાઢવામાં કારૂન ની જેમ દિલ ચોરી કરે છે.

## ઝકાત અદા કર્યા વગર કોઈ ઈબાદત કુબૂલ નહીં થાય

જેના ઉપર ઝકાત ફર્ઝ છે તેવા લોકો માટે આ ઈબ્રતનાક વાકેઓ છે.

મહંમદ બિન યૂસુફ ફરયાબી થી રિવાયત છે કે, "હું મારા સાથીઓ સાથે અબિસનાન રહમતુલ્લાહ અલયહની ઝિયારત માટે નિકળ્યો, જ્યારે અમે તેને ત્યાં પહોંચ્યા તો, તેઓએ ફરમાવ્યું કે, "મારા પડોશીનો ભાઈ ગુજરી ગયો છે, માટે ચાલો તેના મોંએ જઈએ અને ખરખરો કરીએ." એટલે અમે ઉઠ્યા અને તે માણસ પાસે પહોંચ્યા.

તો અમે તેને જોયો કે તે ખૂબ જ રડી રહ્યો છે અને શોર મચાવી રહ્યો છે. અમે બેઠા, અફસોસ કર્યો, તેને દિલાસો આપ્યો પરંતુ તેને અફસોસ અને દિલાસાની કોઈ જ અસર ન થઈ.

અમે કહ્યું, "શું તને ખબર નથી કે મોત જ સાચો રસ્તો છે અને તેનાથી કોઈ જ છુટકારો નથી." તો તેણે કહ્યું, "હાં ઠીક છે પરંતુ હું તે વાત પર રડું છું કે જેના ઉપર મારા ભાઈને સવાર-સાંજ અઝાબ થઈ રહ્યો છે."

અમે કહ્યું, "શું તને અલ્લાહ તઆલાએ ગૈબનો જાણકાર કરી દીધો છે ?" તેણે કહ્યું, "નહીં ઉલ્ટું, વાત એ છે કે, જ્યારે અમે તેને (ભાઈને) કબરમાં દફન કર્યો અને તેના ઉપર માટી નાખી દીધી, તમામ લોકો ચાલ્યા ગયા અને હું તેની કબર ઉપર બેસી રહ્યો, તો અચાનક તેની કબરમાંથી અવાજ આવ્યો, "આહ ! મને એકલો છોડી ગયા, હું અઝાબમાં સપડાયેલો છું જો કે હું નમાઝ પઢતો, રોઝા રાખતો હતો."

એટલે તેના આ અવાજથી મને રડવું આવ્યું, મેં તેની કબરને ખોલી, જેથી તેને જોઉં તો અચાનક કબરમાંથી આગના ભડકા ઉઠી રહ્યાં હતા અને તેના ગળામાં આગનો તોક (માંચડો) હતો. તો ભાઈની મહોબ્બતે મને બેબાકળો કરી દીધો અને મેં હાથ લંબાવ્યો જેથી તેના ગળાથી તે (આગનો) તોક ખેંચી લઉં, તો મારો હાથ અને આંગળીઓ દાઝી ગઈ પછી કબર ઉપર માટી નાંખી દીધી અને પાછો ફર્યો (તેણે દાઝેલો કાળો હાથ બતાવ્યો) તો પછી હું તેની હાલત પર કેમ ન રડું અને કેમ ગમ ન કરૂં ? અમે પૂછ્યું, "તારો ભાઈ જિંદગીમાં કયૂ બુરૂ કામ કરતો હતો ? તેણે કહ્યું કે, "તે ઝકાત આપતો ન હતો."

ઝકાત આપવામાં ઘણા અમીરોને, ગરીબોને તરસાવવાની, રગડાવવાની કુટેવ હોય છે. ઝકાત સમયસર અદા કરીને સવાબના હક્કદાર થવું જોઈએ.

(નમાઝ ઓર નબી, ભાગ-૨ માંથી સાભાર)

# ઝકાત ની હિકમત

અલ્લાહ તઆલાએ જેમ પોતાની જાનદાર મખ્લૂકને એની જરૂરિયાત પુરી કરવા માટે સમજ-ભાન અર્પણ કર્યું છે એજ પ્રમાણે એનામાં હમદર્દીની ભાવના પણ રાખી છે. એ ભાવનાથી પ્રેરાઈને તમામ ઈન્સાનો અને હેવાનો, પશુપંખી અને જળચરો સુધ્ધાં પોતપોતાની ઓલાદનો ઉછેર અને એનું પાલનપોષણ કરે છે. અમુક જાનવરોમાં તો હમદર્દીની એટલી મોટી લાગણી જોવા મળે છે કે પોતાની એક સભ્યની મુસીબત દૂર કરવા માટે આખી કૌમ ભેગી મળીને દુશ્મનનો નાશ કરી નાંખે છે. જો એમનામાં હમદર્દીની ભાવના ન હોત તો આજે દુનિયામાં કોઈ હેવાનનું મોં પણ જોવા મળ્યું ન હોત.

ઈન્સાન પણ અલ્લાહની એક ઉમદા મખ્લૂક છે એને પણ કુદરતના કાનૂન અનુસાર સમઝબૂઝ, માર્ગદર્શન અને હમદર્દીના ગુણ અર્પણ કરવામાં આવ્યા છે, પરંતુ ઈન્સાન જેમ પોતાના બીજા ઈન્સાની કર્તવ્યોની બજવણીમાં પૂરા નથી ઉતરતા તેમ હમદર્દી કે જેના ખાતર તેને સૌથી મોટું માન મળ્યું છે એને પણ ખોઈ બેઠો છે. આથી પરવરદિગારે આલમે હમદર્દીની ભાવનાને માનવ-જાતમાં કાયમ રાખવા માટે ઝકાતને ફર્ઝ ઠેરવી એને ઈસ્લામના મહાન અંગ રૂપ સ્થાપિત કરી છે. જેથી આ નેઅમતથી કોઈ મુસલમાન મહેરૂમ રહે નહીં.

પોતાની કૌમના ફકીર, મિસ્કીન, ગરીબ, મોહતાજ, નિર્વસ્ત્ર, ભુખ્યા, નિરાધાર, નિ-સહાય, અપંગ, લૂલા-લંગડા, રિશ્તેદાર, મુસાફિર અને કૌમના હમ-વતન લાચાર મુસલમાન ભાઈઓને પોતાના માલ વડે મદદ કરવી અને એ રીતે એમની હમદર્દી કરવી એનું નામ છે ઝકાત, ઝકાત દેનાર અને લેનાર બન્નેને દીની અને દુન્યવી લાભો મળે છે. દેનારને આનો સૌથી મોટો લાભ એ મળે છે કે, તે પાતના માલિકે હકીકીના હુકમનું પાલન કરી એને રાઝી કરીને સવાબ હાસિલ કરે છે. આ ઉપરાંત ઝકાત આપવાને કારણે એનામાં સખાવત તથા દયાભાવના ગુણો જન્મે છે. આના પરિણામે તે લોકોમાં પ્રિય અને આદરપાત્ર બની માન-મર્તબો પામે છે. લોકો એની ઈઝ્ઝત કરી એની સાથે મહોબ્બત કરે છે અને જીવનમાં ક્યારેક આડો વખત આવી પડે તો તેઓ એવા સમયે એની મદદ કરવા તત્પર રહે છે. ઝકાત લેનારને સૌથી મોટો લાભ એ પહોંચે છે કે એની ગરીબી અને મોહતાજી ટળી જાય છે અને જરૂરત સંતોષાઈ જાય છે.

આજે જો દુનિયાના બધા દોલતમંદ મુસલમાનો તેમના માલની પૂરેપુરી ઝકાત કાઢે તો યકીનન દુનિયામાં એકપણ મુસલમાન મોહતાજ રહેવા પામે નહીં. પડતી તથા અજ્ઞાનનો અંધકાર દૂર થઈ જાય તથા ઈલ્મ અને દોલતનો આફતાબ ચમકી ઉઠે.

અત્રે એ ધ્યાન રહે કે ઝકાત માત્ર સોના-ચાંદીના જ મર્યાદિત કરી દેવામાં આવી નથી. પણ એ તો વેપાર ઉદ્યોગના દરેક જાતના માલ પર રાખવામાં આવી છે. વેપાર માટેના જાનવરો સુધ્ધામાં ઝકાત આપવાની છે. શરીઅતે નક્કી કરેલા નિસાબની મર્યાદામાં આવતી દરેક ચીઝ પર એના ચાળીસમાં ભાગની ઝકાત કાઢવામાં આવે છે. જે ઝકાત કાઢનાર ઉપર કોઈપણ દ્રષ્ટિએ બોજરૂપ બનતી નથી. એ જ પ્રમાણે વેપાર માટેના અનાજ અને ખેતીવાડી પર પણ ઝકાત છે. આ બધા બારીક મસ્અલાઓની વિસ્તૃત વિગત મસાઈલની મોટી કિતાબોમાંથી હાસિલ કરી શકાય છે.

ઝકાત ઉપરાંત ઈસ્લામમાં પોતપોતાની હૈસિયત મુજબ ખેરાત કરવાનો હુકમ પણ છે. આ બધા એહકામ કોમમાંથી ગરીબીને ખતમ કરવા અને ગરીબો પ્રત્યે હમદર્દી બતાવવા માટે છે. ઈસ્લામે ચીંધેલા આ સાચા પંથ પર અમલ કરીને દુનિયાની બીજી કોમો આજે કેટલી પ્રગતિ કરી રહી છે એનાથી મુસલમાન ભાઈઓ અજાણ નથી. જો મુસલમાનો પોતે પણ પોતાના મહા દીનના આ સોનેરી સિધ્ધાંતો પર સાચા દિલથી અમલ કરે તો બેશક તેઓ દીની અને દુન્યવી તરક્કી હાસિલ કરી શકે છે.



# એક જરૂરી ફતવો

**સવાલ :** આપણા દેશમાં કેટલાક મુસ્લિમો જમીન ગિરવે મૂકે છે. જમીન ગિરવે લેનાર એટલે લેણદાર જમીનની ઉપજ (ખેતીની આવક) પોતે ખાતો રહે છે. (પોતાના ઉપયોગમાં લે છે) પછી કરજદાર (જમીન ગિરવે મુકનાર, દેવેદાર) એને સગવડ થાય ત્યારે કરજ (રકમ) ચૂકવી દઈ જમીન પાછી મેળવે છે. જ્યાં સુધી આ જમીન લેણદાર પાસે રહે ત્યાં સુધી જમીનની ઉપજ (આવક) લેણદાર ખાય તો શું આ જાઈઝ છે કે નહીં. ?

**જવાબ :** સવાલમાં દર્શાવેલ વિગત મુજબ આ ચોખ્ખુ વ્યાજ ગણાશે, જે હરામ છે. હરગીઝ જાઈઝ નથી કારણકે લેણદાર તેનું લેણું તો પુરેપુરૂ વસુલ કરશે જ અને એ ઉપરાંત જે નફો જમીનની ઉપજમાં તે ખાય છે તે વધારાનો છે. શરીઅતનો કાયદો એ છે કે જે કરજ નફો આપે તે સૂદ (વ્યાજ) છે. કરજ આપનાર કોઈની ચીજ (વસ્તુ) ગિરવે રાખે તો એનો નફો ખાઈ શકતો નથી. કરજ આપનાર (લેણદાર) એ ચીજ (વસ્તુ) માંથી થતી આવક પણ અમાનત રૂપે (થાપણ રૂપે) સાચવવી પડશે. જ્યારે કરજ અદા થાય તે વખતે તેણે એ ચીજ (વસ્તુ-જમીન કે દાગીના) અને એના પર થયેલી આવક બંને કરજદાર (દેવેદાર) ને સોંપી દેવી પડશે.

(ફતાવા શામી, ફતાવા આલમગીરી)

# મસ્અલા નો હલ

જરૂરતમંદ ને એમ કરવું જોઈએ કે કરજ ન લે અને પોતાની જમીનને પણ ગિરવે ન મુકે, પરંતુ જમીનને "બેઅ" કરી દઈ એની કિંમત લઈ લે, એમ કર્યા પછી તરત જ ખરીદાર પાસે એવુ ઈકરારનામું રજિષ્ટર કરાવી લે કે "જ્યારે આપનાર ઈચ્છશે ત્યારે તેને હું આ જમીન આટલી જ કિંમતમાં પાછી આપી દેવાનો બંધાઉ છું." આ પદ્ધતી તદન જાઈઝ છે. એવી રીતે મેળવેલી જમીનની આવક ખરીદાર ખાઈ શકશે કેમકે એ આવક હલાલ છે. જમીન એની માલિકીની હશે એટલે એની આવક પણ હલાલ ઠરશે આ તરીકો "બયએ વફા" નામે ઓળખાય છે.

કેટલાક ફુકહાએ (શરીઅત શાસ્ત્રના નિષ્ણાંતો) "બયએ વફા" કરવાનો ના-જાઈઝ ઠેરવ્યુ છે. પરંતુ "બયઅ" માં વાપસીની શરત દાખલ હોય તેવા સંજોગોમાં જ તેને ના-જાઈઝ ઠેરવ્યું છે. શરત સાથે "બયઅ" કરવું ફાસિદ છે. ઉપર વર્ણવેલા તરીકામાં "બયઅ" ની કોઈ શરત નથી બલ્કે એના માટે અલગ કરારનામું છે. દા.ત. કોઈ વ્યક્તિ કોઈ વાડી (બાગ) વસંત ઋતુ ની ફસલ માં (ફળોની ઉપજના દિવસોમાં વૃક્ષો) ભાડે લઈલે અને ઋતુ પુરી થતાં સુધી એ વૃક્ષોની આવકનો લાભ મેળવે તો એ જાઈઝ છે. એવી જ રીતે જમીનની "બયઅ" ની આ પદ્ધતી છે.

(હવાલા, ફતાવાએ એહલે સુન્નત, પેજ નં. ૯૭)